# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

**************************************************

1) ડોનાલ્ડ ટ્રમ્પ આજે અમેરિકાના 47મા પ્રમુખ તરીકે શપથગ્રહણ કરશે

2) વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે વોશિંગ્ટનમાં જાપાન અને ઓસ્ટ્રેલિયાના વિદેશમંત્રી સાથે મુલાકાત કરી

3) પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ ખાતે ભક્તોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ ખોરાકની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા પગલાં લેવાયા

4) વિશ્વ આર્થિક મંચ-WEF ની 55મી વાર્ષિક બેઠક આજથી સ્વિટ્ઝર્લેન્ડના દાઓસમાં શરૂ થશે

5) અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓના સંમેલનનું 85મું સત્ર આજથી બિહારના પટનામાં શરૂ થશે

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# DONALD TRUMP

ડોનાલ્ડ ટ્રમ્પ આજે અમેરિકાના 47મા રાષ્ટ્રપ્રમુખ તરીકે અને જેડી વાન્સ ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. વોશિંગ્ટન ડીસીમાં મુખ્ય ન્યાયમૂર્તિ જોન રોબર્ટ્સની ઉપસ્થિતિમાં શપથ ગ્રહણ સમારોહ યોજાશે. આ સમારોહ ભારતીય સમય મુજબ રાત્રે સાડા આઠ  વાગ્યે શરૂ થશે. સત્તા હસ્તાંતરણના ભાગ રૂપે શ્રી ટ્રમ્પ તેમનું ઉદ્ઘાટન ભાષણ આપશે.

શપથ ગ્રહણ પહેલા ગઇકાલે  વોશિંગ્ટન ડીસીમાં સમર્થકોને સંબોધિત કર્યા હતા. વિદેશમંત્રી  એસ જયશંકર સમારોહમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

આ સમારોહમાં અનેક દેશોનાં વડાઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ટોચનાં ઉદ્યોગપતિઓને આમંત્રણ આપવામાં આવ્યું છે, જેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી અને નીતા અંબાણી, ટેસ્લાના ઇલોન મસ્ક, એમેઝોનના જેફ બેઝોસ, મેટાના માર્ક ઝકરબર્ગ, એપલના ટીમ કુક અને ઓપન એઆઇના સેમ ઓલ્ટમેનનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

# JAISHANKAR - JAPAN & AUSTRALIA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે વોશિંગ્ટન ડીસીમાં જાપાનના વિદેશ મંત્રી તાકેશી ઇવાયા સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી જયશંકરે જણાવ્યું હતું કે, તેમણે ક્વાડ સંબંધિત દ્વિપક્ષીય સહયોગ અને

વિકાસમાં પ્રગતિ અંગે જાપાનના વિદેશ મંત્રી સાથે ચર્ચા કરી હતી. ડૉ. જયશંકરે ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગ સાથે પણ મુલાકાત કરી હતી.

. . . . . . . . . . . . . . . .

# FSSAI MAHAKUMBH

ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (FSSAI) એ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ 2025 ખાતે ભક્તોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ ખોરાકની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા મોટા પાયે પગલાં લીધાં છે.

FSSAI એ ફુડ સેફ્ટી ઓન વ્હિલ્સ તથા જાગૃતિ ઝૂંબેશ દ્વારા મહાકુંભ મેળામાં અન્ન સલામતી સુનિશ્ચિત કરી રહી છે.

## (BYTE: ANAND KUMAR)

. . . . . . . . . . . . . . . .

# BHARAT GLOBAL EXPO

નવી દિલ્હીમાં ભારત મંડપમ અને યશોભૂમિ ખાતે ચાલી રહેલા ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025માં 22 વિવિધ બ્રાન્ડ્સની 56 નવી પ્રોડક્ટ્સ બજારમાં મૂકવામાં આવી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે, વિવિધ

અત્યાધુનિક વાહનો, મોબિલિટી સોલ્યુશન્સ અને સુપર બાઇક્સ, કાર, બસ અને એમ્બ્યુલન્સ સુધીનાં વાહનો રજૂ કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે ગ્લોબલ એક્સ્પોનું ઉદઘાટન કર્યું હતું.

. . . . . . . . . . . . . . .

# POST - 75 YEAR CONSTITUTION

ભારતના બંધારણ અપનાવવાના 75 વર્ષની ઉજવણી નિમિત્તે પોસ્ટ વિભાગે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ફિલાટેલિક સંગ્રહાલયમાં ત્રણ દિવસીય કાર્યક્રમનું આયોજન કર્યું છે. જેમાં વિવિધ મનોરંજક અને આકર્ષક પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી રહી છે. તેનો ઉદ્દેશ્ય નાગરિકોને બંધારણમાં સમાવિષ્ટ મૂલ્યો જાગ્રત કરવા અને એકતા અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે.

ઉજવણી દરમિયાન, પ્રદર્શન, ક્વિઝ, સ્ટેમ્પ સફારી અને પત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ આજે ફિલાટેલિક સંગ્રહાલયની મુલાકાત લીધી. પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ભારતીય બંધારણ દેશને પ્રગતિ અને સમૃદ્ધિના માર્ગ પર લઈ જવા માટે આપણો માર્ગદર્શક પ્રકાશ છે.

. . . . . . . . . . . . . . .

# JK CABINET MEETING

જમ્મુ-કાશ્મીરમાં ઓમર અબ્દુલ્લાના નેતૃત્વવાળા મંત્રીમંડળની બેઠક આજે જમ્મુના સિવિલ સચિવાલયમાં યોજાશે. આ વર્ષે મંત્રીમંડળની આ પહેલી બેઠક હશે. અમારા પ્રતિનિધિએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં નાણાકીય, આરોગ્ય અને શિક્ષણ વિભાગ સાથે સંબંધિત જરૂરી મુદ્દાઓ પર ચર્ચા કરાશે.

કાર્યસૂચિની યાદીમાં સરકારી કર્મચારીઓ અને પેન્શનધારકો માટે મોંઘવારી ભથ્થામાં સંશોધન, દંત મહાવિદ્યાલયોમાં ત્રણ સ્તરની વિદ્યાશાખાના માળખાનું અમલીકરણ અને ઝેલમ તેમજ બાણગંગા નદીઓના સંરક્ષણ જેવી પર્યાવરણ પરિયોજનાઓ સામેલ છે. તેમાં જમ્મુ-કાશ્મીર GST અધિનિયમ, આબકારી નીતિ 2025માં સુધારા અને સુવ્યવસ્થિત ભરતી પ્રક્રિયાઓ પર ચર્ચા કરાશે, જેમાં શાસન અને જનકલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત હશે.

---------------------

# RPF---BANGLADESHI

રેલવે સુરક્ષા દળ -RPFએ છેલ્લા ચાર વર્ષમાં ભારતમાં ગેરકાયદેસર સ્થળાંતર કરી રહેલા 586 બાંગ્લાદેશી નાગરિકો અને 318 રોહિંગ્યાને સફળતાપૂર્વક પકડી પાડ્યા છે. રેલવે મંત્રાલયે જણાવ્યું કે, ગેરકાયદેસર ઘૂસણખોરી સામે રેલવે નેટવર્કને સુરક્ષિત કરવા RPF સરહદ, સ્થાનિક પોલીસ અને ગુપ્તચર એકમો સાથે સહયોગ કરી રહ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ આંતર-સંસ્થા સહયોગથી કામગીરીની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે, જેનાથી ગેરકાયદેસર સ્થળાંતરમાં સામેલ વ્યક્તિઓની ઝડપી ઓળખ અને અટકાયત શક્ય બની છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# WEF

**વિશ્વ આર્થિક મંચ-WEF ની 55મી વાર્ષિક બેઠક આજથી સ્વિત્ઝર્લેન્ડના દાઓસમાં શરૂ થશે. પાંચ દિવસની આ બેઠકમાં સમાવેશી વૃધ્ધિ અને ડિજિટલ ક્રાંતિનાં ભારતનાં મોડેલને રજૂ કરાશે.**

**ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ, જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ, નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ, ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્ય મંત્રી જયંત ચૌધરી કરશે.**

. . . . . . . . . . . . . . .

# BIHAR PRESIDING OFFICERS

અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓના સંમેલનનું 85મું સત્ર આજથી બિહારના પટનામાં શરૂ થશે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા બે દિવસના આ સંમેલનનું ઉદ્ઘાટન કરશે. લોકસભા, રાજ્યસભા અને રાજ્યોના વિધાનમંડળના પીઠાસીન અધિકારીઓ "બંધારણની 75મી વર્ષગાંઠ: બંધારણીય મૂલ્યોને સુદ્રઢ બનાવવા સંસદ અને રાજ્ય વિધાનસભાઓનું યોગદાન" વિષય પર ચર્ચા કરશે. અમારા પ્રતિનિધિના  અહેવાલ મુજબ બિહાર ત્રીજી વખત સંમેલનનું આયોજન કરી રહ્યું છે.

આ પ્રસંગે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા "પ્રેક્ટિસ એન્ડ પ્રોસિજર ઓફ પાર્લામેન્ટ" પુસ્તકની 8મી આવૃત્તિનું વિમોચન કરશે. તેઓ ડિજિટલ બિહાર વિધાનસભા માટે રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશન એટલે કે NEVA શરૂ કરવા માટેના NEVA સેવા કેન્દ્રનું પણ ઉદ્ઘાટન કરશે. આ કાર્યક્રમમાં  રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. બિહારના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાન આવતીકાલે સંમેલનના સમાપન સત્રને સંબોધિત કરશે.

. . . . . . . . . . . . . . . .

# DAY ISRAEL - 3 HOSTAGE RELEASE

હમાસ દ્વારા 7 ઓક્ટોબર 2023થી બંધક બનાવેલી ત્રણ ઇઝરાયલી મહિલાઓને ગાઝામાં નવા યુદ્ધવિરામ કરારના ભાગ રૂપે મુક્ત કરવામાં આવી છે.

આ મહિલાઓને લગભગ 16 મહિના કેદમાં રહ્યા બાદ રેડ ક્રોસ દ્વારા ઇઝરાયલી અધિકારીઓને સોંપવામાં આવી હતી.

તબીબી તપાસ બાદ આ મહિલાઓને તેમના પરિવારોને સોંપવામાં આવી હતી. યુદ્ધ વિરામ કરાર હેઠળ મુક્ત થનારા 33 ઇઝરાયલી બંધકોમાંથી તેઓ પ્રથમ છે, જેમાં 90 પેલેસ્ટિનિયન કેદીઓની મુક્તિનો પણ સમાવેશ થાય છે. ઇઝરાયલના પ્રધાનમંત્રી  બેન્જામિન નેતન્યાહૂએ આ કાર્યની પ્રશંસા કરતાં તેમનું સૈન્ય કોઈપણ યુદ્ધવિરામ ઉલ્લંઘનનો જવાબ આપવા માટે તૈયાર હોવાનું કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ અને બંધકોની  મુક્તિની શરૂઆત થઈ છે, જે આગામી છ અઠવાડિયા સુધી ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . .

# UAE LAUNCHES - OPERATION CHIVALROUS KNIGHT 3

સંયુક્ત આરબ અમીરાત યુએઈએ ઓપરેશન ચિવલરસ નાઈટ 3 અંતર્ગત 200 ટનથી વધુ જીવન જરૂરી ચીજ વસ્તુઓ ભરેલી  20 ટ્રક ગાઝામાં મોકલી. રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનના નિર્દેશો હેઠળ શરૂ કરાયેલ આ કામગીરી માનવતાવાદી યુદ્ધવિરામ સાથે સુસંગત છે, જેનાથી આ પ્રદેશમાં રાહત પ્રયાસોને વેગ મળ્યો છે.

સહાય સામગ્રીમાં ખાદ્ય પુરવઠો, શિયાળાના કપડાં અને મૂળભૂત જરૂરિયાતોનો સામાન છે. યુએઈએ અગાઉ આશરે 29 હજાર 784 ટન માનવતાવાદી સહાય ગાઝામાં  પહોંચાડી છે.

યુએઈએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં પણ રોકાણ કર્યું છે, જેમાં ઇજિપ્તના રફાહમાં 2 મિલિયન ગેલનની દૈનિક ઉત્પાદન ક્ષમતાવાળા ડિસેલિનેશન પ્લાન્ટના નિર્માણનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . .

# CHESS - TATA STEEL

નેધરલેન્ડ્સમાં રમાઈ રહેલી  ટાટા સ્ટીલ શતરંજ ટુર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં આજે ભારતના ડી. ગુકેશનો મુકાબલો અમેરિકાના વિશ્વ નંબર 2 ખેલાડી ફેબિયાનો કારુઆના સામે થશે. અન્ય મેચોમાં, વિશ્વના નંબર 4 અર્જુન એરિગાઇસીનો મુકાબલો આર. પ્રજ્ઞાનનંધા  સામે થશે. જ્યારે અન્ય ભારતીય ખેલાડી લિયોન લ્યુક મેન્ડોન્કાનો મુકાબલો પેન્ટાલા હરિકૃષ્ણ સામે થશે.

. . . . . . . . . . . . . . .